# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10.10.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

****************************************************

1) દિલ્હી પોલીસનો જંતર-મંતર પર CJPના વિરોધ પ્રદર્શનને મંજૂરી આપવાનો ઇનકાર - રાષ્ટ્રીય રાજધાનીમાં સુરક્ષાવ્યવસ્થા સઘન બનાવાઇ

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુવાનોને ઝડપથી બદલાતા ટેકનોલોજીકલ યુગમાં તેમના કૌશલ્યોમાં સતત સુધારો કરવા અને નવી ટેકનોલોજી અપનાવવા અપીલ કરી

3) પેટાચુંટણીમાં પશ્ચિમ બંગાળમાં બે વિધાનસભા બેઠકો અને આસામમાં નાગાંવ લોકસભા બેઠક ભાજપે જીતી; ટીવીકેનો તમિલનાડુમાં બે બેઠકો પર વિજય

4) ભારતના પુતુલ સોનોવાલે ઓસ્ટ્રેલિયામાં વિશ્વ બાઉલ ચેમ્પિયનશિપમાં પહેલો ચંદ્રક જીતીને ઇતિહાસ રચ્યો

5) T20 ક્રિકેટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝે ભારતને છ વિકેટથી હરાવીને શ્રેણી 1-1થી સરભર કરી

...................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# DELHI POLICE

દિલ્હી પોલીસે આજે રાષ્ટ્રીય રાજધાનીમાં જંતર-મંતર ખાતે CJPના પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શન માટે પરવાનગી આપવાનો ઇનકાર કર્યો છે. પોલીસે માર્ગદર્શિકા અને જાહેર સલામતીના ઉલ્લંઘન અંગે ચિંતા વ્યક્ત કરી હતી. દરમિયાન દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા કડક બનાવાઇ છે.

ગઈકાલે નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા, દિલ્હી પોલીસના સંયુક્ત કમિશનર નુપુર પ્રસાદે જણાવ્યું હતું કે જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન અથવા અન્ય કાર્યક્રમ યોજવાની પરવાનગી ઓછામાં ઓછા દસ દિવસ અગાઉથી અરજી કરવી આવશ્યક છે. તેમણે જણાવ્યું હતું કે CJPને અગાઉ જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરવાની પરવાનગી આપવામાં આવી હતી, પરંતુ પાર્ટીએ નિર્ધારિત માર્ગદર્શિકા અને ખાતરીઓનું પાલન કર્યું ન હતું.

શ્રીમતી પ્રસાદે જણાવ્યું હતું કે પરવાનગી નકારવાનો નિર્ણય પાર્ટી દ્વારા નવી દિલ્હી વિસ્તારમાં અગાઉના નિયમો અને ખાતરીઓ, વર્તમાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, જાહેર સલામતી અને ટ્રાફિક નિયમોનું પાલન કરવામાં નિષ્ફળતા પર આધારિત હતો.

# PM-WORLDSKILLS COMPETITION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુવાનોને આ ઝડપથી બદલાતા ટેકનોલોજીકલ યુગમાં સતત તેમના કૌશલ્યોમાં સુધારો કરવા અને નવી ટેકનોલોજી અપનાવવા વિનંતી કરી છે. શ્રી મોદીએ ગઈકાલે નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને શાંઘાઈમાં આયોજિત વૈશ્વિક કૌશલ સ્પર્ધા 2026 માં ભાગ લેનાર ભારતીય ટીમના સભ્યો સાથે વાતચીત કરતી વખતે આ નિવેદન આપ્યું હતું.

પ્રધાનમંત્રીએ સહભાગીઓને વૈશ્વિક મંચ પર ભારતનું પ્રતિનિધિત્વ કરવા બદલ અભિનંદન આપ્યા. તેમણે યુવાનોને આંતરરાષ્ટ્રીય બજારની જરૂરિયાતો અનુસાર તેમના કૌશલ્યો વિકસાવવા વિનંતી કરી. શ્રી મોદીએ તેમને તેમના અનુભવો અને સૂચનો શેર કરીને દેશમાં કૌશલ્ય તાલીમ પ્રણાલીને મજબૂત બનાવવામાં યોગદાન આપવા પણ વિનંતી કરી.

## BYTE: PM MODI ON SKILL

પ્રધાનમંત્રીએ કહ્યું કે કૌશલ્ય તાલીમ સંસ્થાઓ IIT અને IIM જેવી સંસ્થાઓ જેટલી જ મહત્વપૂર્ણ છે. સહભાગીઓએ સ્પર્ધાના પોતાના અનુભવો શેર કર્યા અને વૈશ્વિક પ્લેટફોર્મ પર ભારતનું પ્રતિનિધિત્વ કરવાનો ગર્વ વ્યક્ત કર્યો.

# VP-JHARKHARD VISIT

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે ઝારખંડના દેવઘરની મુલાકાત લેશે. તેમની મુલાકાત દરમિયાન તેઓ દેવઘરમાં અખિલ ભારતીય આયુવિજ્ઞાન સંસ્થા એઈમ્સના બીજા દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે.

ઉપરાષ્ટ્રપતિ દેવઘરમાં બી.બી.એમ.ટી. હોસ્પિટલમાં આયોજિત સૈનિક સંપર્ક મેળાની પણ મુલાકાત લેશે.

# OVERALL BYPOLLS

પશ્ચિમ બંગાળ વિધાનસભા અને આસામ લોકસભા પેટાચૂંટણીઓમાં શાસક ભારતીય જનતા પાર્ટીએ વિજય મેળવ્યો છે, જ્યારે શાસક તમિલનાડુ વેટ્ટી કઝગમ (ટીવીકે) એ તમિલનાડુમાં બે વિધાનસભા પેટા ચૂંટણીઓ જીતી છે. પુડુચેરીમાં, શાસક ઓલ ઈન્ડિયા એન.આર. કોંગ્રેસે થટ્ટનચાવાડી વિધાનસભા બેઠક જાળવી રાખી છે.

તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને પુડુચેરીમાં પાંચ વિધાનસભા બેઠકો અને આસામમાં નાગાંવ લોકસભા પેટાચૂંટણી માટે પેટાચૂંટણી મંગળવારે યોજાઈ હતી. જેની ગઈકાલે મતગણતરી હાથ ધરાઇ હતી.

પશ્ચિમ બંગાળમાં ભાજપે નંદીગ્રામ અને રેજીનગર વિધાનસભા બેઠકો બંને પર જીત મેળવી હતી. આસામમાં ભાજપના ઉમેદવાર દેવાશીષ શર્માએ નાગાંવ લોકસભા પેટા ચૂંટણી જીતી,

તમિલનાડુમાં મુખ્યમંત્રી સી. જોસેફ વિજયના નેતૃત્વ હેઠળની ટીવીકે પાર્ટીએ ધારાપુરમ અને મદુરંતકમ બંને બેઠકો જીતી. પુડુચેરીમાં, ભાજપના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (એનડીએ)ના મુખ્ય સાથી, એઆઈએનઆરસીએ થટ્ટનચાવાડી વિધાનસભા બેઠક જાળવી રાખી.

# PM POLL RESULTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આસામના નાગાંવમાં લોકસભા પેટાચૂંટણી અને પશ્ચિમ બંગાળમાં નંદીગ્રામ અને રેજીનગર વિધાનસભા પેટાચૂંટણીના પરિણામો ફરી એકવાર ભાજપ-એનડીએના સુશાસન એજન્ડા પ્રત્યે જનતાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ વિજયી ભાજપ ઉમેદવારોને અભિનંદન આપ્યા અને પક્ષના કાર્યકરોની મહેનતની પ્રશંસા કરી. તેમણે પુડુચેરીના થટ્ટનચાવાડીમાં એનડીએના સાથી AINRCને પણ વિજય બદલ અભિનંદન આપ્યા. પ્રધાનમંત્રીએ કહ્યું કે આ જનાદેશ પાર્ટીને વધુ મજબૂત બનાવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# JAISHANKAR-ETHIOPIAN PM

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે અદીસ અબાબામાં ઇથોપિયાના પ્રધાનમંત્રી અબી અહેમદ અલી સાથે મુલાકાત કરી અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તરફથી શુભેચ્છાઓ પાઠવી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે કહ્યું કે ભારત-ઇથોપિયા દ્વિપક્ષીય સહયોગ તાજેતરના વર્ષોમાં એક મહત્વપૂર્ણ ભાગીદાર રહ્યો છે, જે વિકાસની આકાંક્ષાઓ અને દક્ષિણ એકતાને પ્રતિબિંબિત કરે છે. એક સભાને સંબોધતા, ડૉ. જયશંકરે ભારત અને આફ્રિકન દેશોને ગ્લોબલ સાઉથની ચિંતાઓને મજબૂત કરવા માટે સાથે મળીને કામ કરવા હાકલ કરી. તેમણે કહ્યું કે વિકાસશીલ દેશો પર વૈશ્વિક કટોકટીની અસરને મજબૂતીથી વ્યક્ત કરવાની જરૂર છે અને આંતરરાષ્ટ્રીય સમુદાય તેને અવગણી શકે નહીં.

ડૉ. જયશંકરે ભારત અને આફ્રિકાને તેમની ઐતિહાસિક ભાગીદારીને મજબૂત કરવા, આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક સંસ્થાઓમાં સુધારા માટે પ્રયત્નશીલ રહેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. શ્રી જયશંકરે કહ્યું કે બંને પક્ષોને આંતરરાષ્ટ્રીય નિર્ણય લેવામાં વાજબી પ્રતિનિધિત્વ મળવું જોઈએ અને તેમને પોતાનું ભવિષ્ય નક્કી કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ. તેમણે કહ્યું કે બંને પક્ષો માળખાગત સુવિધાઓ અને કનેક્ટિવિટીના મહત્વને ઓળખે છે.

# RAJNATH-NATIONAL SECURITY

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે નવી દિલ્હીમાં સોસાયટી ઓફ ઇન્ડિયન ડિફેન્સ મેન્યુફેક્ચરર્સ ચેમ્પિયન્સ એવોર્ડ સમારોહમાં જણાવ્યું હતું કે ભારત અદ્યતન લશ્કરી સાધનોના વિશ્વસનીય નિકાસકાર તરીકે ઉભરી રહ્યું છે.

શ્રી સિંહે જણાવ્યું હતું કે વર્તમાન યુગમાં રાષ્ટ્રીય સુરક્ષાની વ્યાખ્યા બદલાઈ ગઈ છે. રાષ્ટ્રીય સુરક્ષા હવે માત્ર સશસ્ત્ર દળોની તાકાત દ્વારા જ નહીં પરંતુ સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા દ્વારા પણ નક્કી થાય છે.

સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2025-26 માં ભારતની સંરક્ષણ નિકાસ રેકોર્ડ 38 હજાર 424 કરોડ સુધી પહોંચી હતી, જે પાછલા નાણાકીય વર્ષની તુલનામાં 60 ટકાથી વધુનો વધારો દર્શાવે છે. તેમણે જણાવ્યું કે સંરક્ષણ જાહેર ક્ષેત્રના ઉપક્રમોએ કુલ સંરક્ષણ નિકાસમાં 54.84 ટકા ફાળો આપ્યો, જ્યારે ખાનગી ક્ષેત્રનો હિસ્સો 45.16 ટકા હતો.

# ED SEARCH-ODISHA SI EXAMS

ઓડિશા સબ-ઇન્સ્પેક્ટર ભરતી પરીક્ષા 2024 પ્રશ્નપત્ર લીક થવાના કથિત સંદર્ભમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં 10 જગ્યાઓ પર દરોડા પાડ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ કેસ ગયા વર્ષે ઓક્ટોબરમાં ઓડિશા પોલીસ દ્વારા દાખલ કરાયેલી FIR થી શરૂ થયો હતો. બાદમાં આ કેસ કેન્દ્રીય તપાસ સંસ્થા CBI ને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો.

તપાસ મુજબ ગયા વર્ષે 30 સપ્ટેમ્બરના રોજ ઓડિશા પોલીસે ઓડિશા-આંધ્રપ્રદેશ સરહદ પર ઇચ્છાપુરમ નજીક ત્રણ બસોમાં મુસાફરી કરી રહેલા 114 ઉમેદવારોને અટકાવ્યા હતા.

EDએ જણાવ્યું હતું કે તપાસના ભાગ રૂપે વિવિધ એજન્સીઓ અને વ્યક્તિઓની ભૂમિકાની તપાસ કરવામાં આવી રહી છે. સિલિકોન ટેકલેબ પ્રાઇવેટ લિમિટેડ, પંચસોફ્ટ ટેકનોલોજી પ્રાઇવેટ લિમિટેડ, તેમના ડિરેક્ટરો અને અન્ય વ્યક્તિઓ સાથે જોડાયેલા જગ્યાઓની પણ તપાસ કરવામાં આવી હતી.

# INDIA-WORLD BOWL CHAMPION

ભારતના પુતુલ સોનોવાલે ઓસ્ટ્રેલિયાના બરહામમાં વિશ્વ બાઉલ ચેમ્પિયનશિપમાં ભારત માટે પહેલો ચંદ્રક જીતીને ઇતિહાસ રચ્યો. આસામના 43 વર્ષીય ખેલાડીએ પુરુષોની સિંગલ્સની આ સિદ્ધિ મેળવી.

આસામ પોલીસમાં ફરજ બજાવતા પુતુલે 2026 એશિયન લોન બાઉલ્સ ચેમ્પિયનશિપમાં પુરુષોની સિંગલ્સમાં સુવર્ણચંદ્રક જીતીને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાનું સ્થાન મજબૂત કર્યું.

આ પહેલા, ગ્લાસગોમાં 2026 કોમનવેલ્થ ગેમ્સમાં તેણે ત્રણ વખતના કોમનવેલ્થ ગેમ્સ મેડલ વિજેતા અને ભૂતપૂર્વ વિશ્વ આઉટડોર ચેમ્પિયન કેનેડાના રાયન બેસ્ટરને હરાવ્યો હતો.

# MORN CRICKET

રાંચીમાં રમાયેલી બીજી T20 ક્રિકેટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝે ભારતને છ વિકેટથી હરાવીને પાંચ મેચની શ્રેણી 1-1થી બરાબર કરી દીધી. 250 રનના લક્ષ્યનો પીછો કરતા વેસ્ટ ઈન્ડિઝે 19મી ઓવરમાં ચાર વિકેટે 252 રન બનાવ્યા. કેપ્ટન શાઈ હોપે અણનમ 102 રન બનાવ્યા, જ્યારે શેરફેન રધરફોર્ડે 84 રન બનાવ્યા.

અગાઉ પ્રથમ બેટિંગ કરતાં ભારતે 20 ઓવરમાં પાંચ વિકેટે 249 રન બનાવ્યા. ભારત તરફથી સંજુ સેમસને 82 અને ઈશાન કિશને 43 રન બનાવ્યા. શાઈ હોપને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો. શ્રેણીની ત્રીજી મેચ આવતીકાલે ઇન્દોરમાં રમાશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના તમામ અખબારોએ દિલ્હીમા થનાર આંદોલનના સમાચારને મહત્વનુ સ્થાન આપ્યુ છે
- ગુજરાત સમાચાર લખે છે કોકરોચથી મોદી સરકારમા ફફડાટ, દિલ્હીની કિલ્લેબંધી...
- કુલછાબની હેડલાઈન છે રાષ્ટ્રપતિને રાવ, સીઈસી જ્ઞાનેશ કુમારને હટાવવા સહિતના ચૂંટણીપંચના મુદ્દાઓ લઈને રાહુલની આગેવાનીમા 10 વિપક્ષી નેતાઓ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂને મળ્યા..દિલ્હીમા લોખંડી સુરક્ષા, ઈન્ટરનેટ બંધ,
- નવગુજરાત સમય પ્રથમ પાના પર લખે છે સીઈસીના વિરોધમા આજે મહાઆંદોલન- દિલ્હીમા કિલ્લેબંધી...
- સંદેશની હેડલાઈન છે દિલ્હીમા અભેધ સુરક્ષાનો ચક્રવ્યુહ, ઈન્ટરનેટ સસ્પેન્ડ..
- સ્થાનિક સમાચાર પર નજર કરીએ તો ભરૂચની જામા મસ્જિદમા પૂજાની મંજૂરી અને મૂર્તીના સંરક્ષણ મામલે ગુજરાત હાઈકોર્ટમા ધા...સરકારે પ્રશ્નો ઉકેલવાની બાંહેધરી આપતા મહેસૂલી કર્મચારીની હડતાલનો અંત... દિલ્હીના આંદોલનમા જતા ગુજરાતના યુવાનોને પોલીસે ડિટેન કર્યા.. સુરતમા કાપડઉદ્યોગમા સાપ્તાહિક રજા મુદ્દે વિવાદ, શ્રમિકોની વતન તરફ હિજરત શરૂ..